# પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

# જાહેરનામું

# ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧

ક્રમાંક :ક.૨/મહિલાપો.સ્ટે.(ઇસ્ટ)(વેસ્ટ)/૩૯૪/૨૦૧૭
તા.૧૭/૦૪/૨૦૧૭

સરકારશ્રીના ગૃહવિભાગના તારીખ:૨૭/૦૭/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૧૧/૩૨૨૭/સ. થી અમદાવાદ શહેરમાં મહિલા પોલીસ સ્ટેશન (ઇસ્ટ) અને મહિલા પોલીસ સ્ટેશન (વેસ્ટ) ખોલવાનો ઠરાવ થતાં સને:૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૨ થી મળેલ સત્તાની રૂએ હું જે.કે.ભટ્ટ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર આથી મહિલા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરના હદ વિસ્તારમાં ફેરફાર કરી, નીચે જણાવ્યા મુજબ મહિલા પોલીસ સ્ટેશન(ઇસ્ટ) અને મહિલા પોલીસ સ્ટેશન (વેસ્ટ)નો હદ વિસ્તાર તારીખ ૧૭ /૦૪/૨૦૧૭ ના કલાક ૦૦.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

**મહિલા પોલીસ સ્ટેશન (ઇસ્ટ),અમદાવાદ શહેરનો હદ વિસ્તાર:-**

અમદાવાદ પોલીસ કમિશનરેટ ના સેકટર-૨ ના કાર્યક્ષેત્ર અને હદ વિસ્તાર કે જેમાં દરિયાપુર પો.સ્ટે., શાહિબાગ પો.સ્ટે., સરદારનગર પો.સ્ટે., એસ.વી.પી.આઇ.એરપોર્ટ પો.સ્ટે., કૃષ્ણનગર પો.સ્ટે., નરોડા પો.સ્ટે., મેઘાણીનગર પો.સ્ટે., ગોમતીપુર પો.સ્ટે., બાપુનગર પો.સ્ટે., રખીયાલ પો.સ્ટે., ઓઢવ પો.સ્ટે., નિકોલ પો.સ્ટે., અમરાઇવાડી પો.સ્ટે., ખોખરા પો.સ્ટે., રામોલ પો.સ્ટે., વટવા પો.સ્ટે., વટવા જી.આઇ.ડી.સી પો.સ્ટે., મણીનગર પો.સ્ટે., ઇસનપુર પો.સ્ટે., દાણીલીમડા પો.સ્ટે., કાગડાપીઠ પો.સ્ટે. સાબરમતી રીવરફ્રન્ટ ઇસ્ટ-નોર્થના હદવિસ્તારનો સમાવેશ થાય છે.

**મહિલા પોલીસ સ્ટેશન (વેસ્ટ),અમદાવાદ શહેરનો હદ વિસ્તાર:-**

અમદાવાદ પોલીસ કમિશનરેટના સેકટર-૧ ના કાર્યક્ષેત્ર અને હદ વિસ્તાર કે જેમાં વસ્ત્રાપુર પો.સ્ટે., બોડકદેવ પો.સ્ટે., સોલા પો.સ્ટે., ઘાટલોડીયા પો.સ્ટે., નારણપુરા પો.સ્ટે., વાડજ પો.સ્ટે., નવરંગપુરા પો.સ્ટે., ગુજરાત યુનિવર્સિટી પો.સ્ટે., વેજલપુર પો.સ્ટે., એલીસબ્રિજ પો.સ્ટે., પાલડી પો.સ્ટે.,સરખેજ પો.સ્ટે.,સેટેલાઇટ પો.સ્ટે., આનંદનગર પો.સ્ટે.,સાબરમતી

પો.સ્ટે.,રાણીપ પો.સ્ટે.,ચાંદખેડા પો.સ્ટે., માધવપુરા પો.સ્ટે., શાહપુર પો.સ્ટે., કારંજ પો.સ્ટે., કાલુપુર પો.સ્ટે.,

શહેરકોટડા પો.સ્ટે.,ખાડીયા પો.સ્ટે., ગા.હવેલી પો.સ્ટે., સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ- સાઉથના હદવિસ્તારનો સમાવેશ થાય છે.

તારીખ :૧૭/૦૪ /૨૦૧૭

સિક્કો :- પોલીસ કમિશ્નર કચેરી સત્યમેવ જયતે અમદાવાદ શહેર

( જે.કે.ભટ્ટ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર.

પ્રતિ,

- પોલીસ ઇન્સ્પેકટરશ્રી,
  મહિલા પોલીસ સ્ટેશન(ઇસ્ટ)./મહિલા પોલીસ સ્ટેશન(વેસ્ટ).અમદાવાદ શહેર.
  ૨/જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોટાડી તેની નોંધ એક નકલ પર કરવી અને તે નકલ ઓફિસ રેકર્ડમાં રાખવી.
- તમામ પોલીસ સ્ટેશન /શાખાઓ/તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી
- મદદનીશ પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક શાખા (વધારાની ૧૦ નકલો સાથે)
  ૨/ લાઉડ સ્પીકર સાથે બહોળો પ્રચાર કરવા સારુ
- જન સંપર્ક અધિકારીશ્રી
  ૨/ પ્રેસ નોટ બહાર પાડવા સારુ
- સિનિયર આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસિક્યુટરશ્રી ભદ્ર તથા મિરઝાપુર કોર્ટ અમદાવાદ શહેર. (૧૮+૧૮ નકલો સાથે) દરેક કોર્ટ માટે એક નકલ .
- મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા
  ૨/ ગવર્નમેન્ટ ગેઝેટ ભાગ-૪ માં એસ્ટેટ /ઓર્ડિનરી ગેઝેટમાં તાત્કાલીક પ્રસિધ્ધ કરી ગેઝેટની ૨૦૦ નકલો અત્રેની કચેરીને તાત્કાલીક મોકલવા સારુ.
- પોલીસ કમિશનરશ્રીની કચેરી, તથા મુખ્ય મથકની સઘળી શાખાઓ તરફ
  નકલ સવિનય રવાના
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- ખાસ મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રી, લાંચ રુશ્વત વિરોધી બ્યુરો. ગુ.રા. અ'વાદ.